# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-11-2023** **Midday : 1.20 to 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વૉંગ આજે નવી દિલ્હીમાં મંત્રણા કરશે.
- ગુજરાતના અમદાવાદમાં પહેલી આંતરરાષ્ટ્રીય મત્સ્યપાલન પરિષદનો આજથી આરંભ થયો છે.
- રાજસ્થાન અને તેલંગણા વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે.
- ઉત્તરાખંડના સિલ્કયારા ટનલમાં ફસાયેલા 41 શ્રમિકો સુધી આજે એન્ડોસ્કોપીક ફ્લેકસી કેમેરા પહોંચાડવામાં સફળતા મળી છે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બદમપહાડ રેલવે સ્ટેશન ખાતેથી ત્રણ નવી ટ્રેનોને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું છે.
- ભારતના પંકજ અડવાણી અને સૌરવ કોઠારીએ કતારના દોહામાં રમાઇ રહેલી વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

-----------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JAISHANKAR - AUSTRALIAN FM DIALOGUE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ આજે નવી દિલ્હીમાં 14માં વિદેશ મંત્રી સ્તરીય સંવાદમાં ભાગ લેશે. તેઓ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ સહકારની સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે.

બંને મંત્રીઓએ ગઈકાલે સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ મંત્રી રિચર્ડ માર્લ્સ સાથે ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચેના 2 + 2 સંવાદની સહ અધ્યક્ષતા કરી હતી.

## REV. Guj-Global Fisheries Conference

ગુજરાતના અમદાવાદમાં પહેલી આંતરરાષ્ટ્રીય મત્સ્યપાલન પરિષદનો આજથી આરંભ થયો છે. કેન્દ્રિય મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ રૂપાલા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેન્દ્રિય મત્સ્યોધ્યોગ રાજયમંત્રી એલ. મુરૂગન અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં શરૂ થયેલી આ પરિષદમાં 10 દેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, મત્સ્યોદ્યોગ સંગઠનોના પ્રતિનિધીઓ ભાગ લઇ રહ્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉદ્દઘાટન સત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાત પાસે દેશમાં સૌથી વધુ લંબાઈ ધરાવતો દરિયા કિનારો છે અને માછલી ઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રણી રાજય છે. એવી જ રીતે દેશની માછલીઓની નિકાસમાં ગુજરાતનો હિસ્સો 17 ટકા છે. શ્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે ઇનલેન્ડ રીઝર્વીયર લીઝીંગ પોર્ટલનો શુભારંભ કરાવ્યો હતો. એવી જ રીતે ઘોલ માછલીને ગુજરાત રાજયની સત્તાવાર માછલી જાહેર કરાઇ છે.

અગાઉ કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે મત્સ્યપાલન અને આ ક્ષેત્રની અદ્યતન ટેકનોલોજીનો પરિચય આપતા પ્રદર્શનનો શુભારંભ કરાવ્યો હતો. આજે કેન્દ્રિય મંત્રી રૂપાલા નોર્વે, ઓસ્ટ્રેલિયા, રશિયા

દેશોના તેમજ અન્ન અને કૃષિ સંસ્થા જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધીઓની યોજાનારી ગોળમેજી પરિષદમાં ભાગ લેશે.

ભારતીય મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા વિશ્વ મત્સ્યપાલન દિવસ નિમિત્તે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું અમદાવાદમાં આયોજન કરાયું છે.

# ELE-CAMPAIGN-RAJASTHAN

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. તમામ રાજકીય પક્ષોના પ્રચારકો ચૂંટણીરેલીઓ યોજી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બારનના અંતામાં, ચૂંટણીરેલીમાં સંબોધન કર્યું હતું. તેઓ કોટા શહેર અને કરૌલીમાં પણ જાહેર સભાઓને સંબોધિત કરશે. તેઓ સાંજે જયપુરમાં રોડ શો કરશે. તો ગૃહમંત્રી અમિત શાહ આજે ત્રણ જાહેર સભાઓને સંબોધિત કર્યા બાદ સાંજે સવાઈ માધોપુરમાં રોડ શો કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી નડ્ડા ધોડ, ફતેહપુર અને શ્રીડુંગરગઢમાં પક્ષના ઉમેદવારો માટે સામાન્ય સભાઓ કરશે.

રાજસ્થાનમાં, આજે કોંગ્રેસે વિધાનસભા ચૂંટણી માટેનો ચુંટણી ઢંઢેરો બહાર પાડ્યો છે. આ પ્રસંગે પક્ષના મુખ્ય કાર્યાલએ પક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, મુખ્યમંત્રી અશોક ગેહલોત, સચિન પાયલટ, ગોવિંદ સિંહ દોતાસરા સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસના ચુંટણી ઢંઢેરામાં સ્વામીનાથન સમિતિની ભલામણો અનુસાર ખેડૂતો માટે MSP કાયદો, ચિરંજીવી સ્વાસ્થ્ય વીમા યોજનાની રકમ 25 લાખ રૂપિયાથી વધારીને 50 લાખ રૂપિયા, 4 લાખ સરકારી નોકરીઓ સહિત 10

લાખ યુવાનોને રોજગારી સહિતના મુખ્ય મુદ્દાઓ છે. ઉપરાંત પંચાયત સ્તરે સરકારી નોકરીઓની નવી કેડર બનાવવામાં આવશે.

ગેસ સિલિન્ડર હાલમાં 500 રૂપિયામાં ઉપલબ્ધ છે તે BPL, અંત્યોદય અને ઉજ્જવલાના લાભાર્થીઓ માટે ઘટાડીને 400 રૂપિયા કરવામાં આવશે. રાજ્યમાં RTE કાયદો લાવીને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં પણ 12મા સુધીનું મફત શિક્ષણ સહિતના મુદ્દાઓ શામેલ કરાયા છે.

બીજી તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલગાંધી ઉદયપુર, જાલોર અને બાડમેરમાં ચૂંટણી રેલીઓને સંબોધન કરશે. કોંગ્રેસના નેતા અને મુખ્યમંત્રી અશોક ગેહલોત પાંચ જિલ્લામાં છ સ્થળોએ જાહેર સભા યોજશે. આ સિવાય કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત ઘણા સ્ટાર પ્રચારકો પાર્ટીના ઉમેદવારો માટે પ્રચાર કરશે. ઉલ્લેખનીય છે કે રાજસ્થાનમાં 199 વિધાનસભા બેઠકો માટે આ મહિનાની 25મી તારીખે મતદાન થશે. જ્યારે તેલંગાણામાં 119 વિધાનસભા બેઠકો માટે આ મહિનાની 30મી તારીખે મતદાન થશે..

તેલંગાણામાં ચૂંટણી પ્રચાર ચરમસીમાએ પહોંચી ગયો છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી માટે 30 નવેમ્બરે મતદાન થવાનું છે. તેથી તમામ મુખ્ય રાજકીય પક્ષોના ટોચના નેતાઓ રાજ્યના ખૂણે ખૂણે પ્રચારમાં વ્યસ્ત છે.

## UTARAKHAND-TUNNEL-RESCUE-UPDATE

ઉત્તરાખંડના ઉત્તર કાશી જીલ્લામાં સિલ્કયારા ટનલનો કેટલોક હિસ્સો તૂટી પડતાં અંદર ફયાસેયા 41 શ્રમિકોને બચાવવાની કામગીરીમાં થોડીક પ્રગતિ થઇ છે.

આજે એન્ડોસ્કોપીક ફ્લેકસી કેમેરા ફસાયેલા શ્રમિકો સુધી પહોંચાડવામાં સફળતા મળી છે. આ કેમેરાની મદદથી ટનલમાં ફસાયેલા શ્રમિકો સાથે દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી વાતચીત શક્ય બની છે. દરમ્યાન, આંતરરાષ્ટ્રીય ટનલ સાઇટ સંગઠનના વડા અર્નોલ્ડ ડીક્સે ટનલમાં ફસાયેલા શ્રમિકોને ટૂંક સમયમાં સહિસલામત બચાવી શકાશે. તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

દરમ્યાન, બહારથી શ્રમિકો સુધી પાઇપ પહોંચાડવી શકય બની હોવાથી પાઇપની મદદથી શ્રમિકો સુધી પાણી ખાદ્યાન્ન, દવા અને ઓકસિજન જેવી પાયાની ચીજવસ્તુઓ પહોંચાડવાની શરૂઆત થઇ છે.

# INTERNATIONAL TOURISM MART

કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયના ઉપક્રમે મેઘાલયના શિલોંગમાં આજથી આંતરરાષ્ટ્રીય પ્રવાસન મેળો યોજાશે. ઇશાન ભારતમાં પ્રવાસન ક્ષેત્રે રહેલી ક્ષમતાનો પરિચય આપવા ત્રણ દિવસીય પ્રવાસન મેળાનું આયોજન થઇ રહ્યું છે.

કેન્દ્રીય પ્રવાસનમંત્રી જી. કિશન રેડ્ડી આ પ્રવાસન મેળાનો પ્રારંભ કરાવશે અને ઇશાન ભારતના રાજ્યોના પ્રવાસન મંત્રીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. આ પ્રવાસન મેળો દેશ વિદેશના અને ખાસ કરીને ઇશાન ભારતના હિતધારકોને પરસ્પર સંવાદની તક પૂરી પાડશે.

પર્યાવરણ રક્ષણના ભાગરૂપે આ ઇવેન્ટમાં એક વખતમાં ઉપયોગમાં લેવાય તેવી પ્લાસ્ટીકની ચીજ વસ્તુઓનો ઉપયોગ થશે નહીં. આ ઉપરાંત ડિજીટલ માધ્યમનો ઉપયોગ વધારે કરાશે તેમજ વૃક્ષારોપણ પણ કરાશે.

# PREZ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે બદમપહાડ રેલવે સ્ટેશન ખાતેથી ત્રણ નવી ટ્રેનોને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું છે. તેઓ આજે પહાડપુર ગામમાં કૌશલ્ય

પ્રશિક્ષણ કેન્દ્રનું ઉદઘાટન કરશે, તેમજ નવા રાયરંગપુર પોસ્ટલ વિભાગનું ઉદઘાટન કરશે.

શ્રીમતી મુર્મુ ઓડિશાના બુર્લાખાતે વીર સુરેન્દ્ર સાંઈ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીના 15મા દિક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે.22મી નવેમ્બરે રાષ્ટ્રપતિ સંબલપુર ખાતે બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત રાષ્ટ્રીય શિક્ષણ અભિયાન શરૂ કરશે. અને આંધ્રપ્રદેશમાં આવેલા પુટ્ટપર્થીની મુલાકાત લેશે અને શ્રી સત્ય સાંઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગના 42મા દિક્ષાંત સમારોહને સંબોધિત કરશે.

## WORLD BILLIARDS CHAMPIONSHIP

ભારતના પંકજ અડવાણી અને સૌરવ કોઠારીએ કતારના દોહામાં રમાઇ રહેલી વિશ્વ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

25 વખતના વિશ્વ બિલિયર્ડ્સ અને સ્નૂકર ચેમ્પિયન અડવાણીએ તેની ભારતીય ટીમના સાથી ભારતીય રૂપેશ શાહ સામે જીત મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી સેમીફાઇનલમાં સૌરવ કોઠારીએ ધ્રુવ સીતવાલાને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

## T-20 international cricket

ઓસ્ટ્રેલિયા સાથેની પાંચ આંતરરાષ્ટ્રીય T-20 ક્રિકેટ મેચની શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે.

વિશાખાપટ્ટનમમાં આગામી 23મી નવેમ્બરથી શરૂ થનારી શ્રેણીની પહેલી મેચમાં સૂર્યકુમાર યાદવ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ઋતુરાજ ગાયકવાડ પ્રથમ ત્રણ મેચ માટે જ્યારે શ્રેયસ અય્યર ચોથી અને પાંચમી મેચ માટે વાઇસ-કેપ્ટન તરીકે ટીમમાં જોડાશે. તાજેતરના એક દિવસીય વિશ્વકપ બાદ ઘણા વરિષ્ઠ ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે.

આ ટીમના ખેલાડીઓના - સૂર્યકુમાર યાદવ, ઋતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન, યશસ્વી જયસ્વાલ, તિલક વર્મા, રિંકુ સિંહ, જીતેશ શર્મા, વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, પ્રસિધ ક્રિષ્ના, અવેશ ખાન અને મુકેશ કુમાર છે.

## ISRAEL HAMAS-NO CEASEFIRE

અમેરિકાએ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે અસ્થાયી યુદ્ધવિરામના અહેવાલોને નકારી કાઢ્યા છે.

અમેરિકાના પ્રવક્તા એડ્રિન વોટસને સત્તાવાર નિવેદનમાં, કહ્યું હતું કે હજુ સુધી આ અંગે કોઈ સમજૂતી થઈ નથી પરંતુ અમેરિકા તેના તમામ પ્રયાસો ચાલુ રાખશે.

એક દૈનિક સમાચાર પત્રના અહેવાલમાં ઇઝરાયેલ-હમાસ યુદ્ધમાં પાંચ દિવસના વિરામનો દાવો કરાયા બાદ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે આ સ્પષ્ટતા કરી હતી.

અહેવાલમાં ઈઝરાયેલ, હમાસ અને અમેરિકા પ્રયોગ તરીકે એક સમજૂતી પર સહમત થયા છે અને પચાસ કે તેથી વધુ બંધકોની મુક્તિ તથા પાંચ દિવસ માટે યુદ્ધવિરામ રહેશે તેવો ઉલ્લેખ કરાયો છે.

ગાઝામાં ચાલી રહેલા યુદ્ધને અસ્થાયી રૂપે અટકાવવાનો હેતુ ઇજિપ્તમાંથી ઇંધણ સહિત નોંધપાત્ર પ્રમાણમાં માનવતાવાદી સહાયના પ્રવેશને મંજૂરી આપવાનો પણ તેમ ઉલ્લેખ કરાયો છે.

જો કે, અમેરિકાના ઇઝરાયેલી દૂતાવાસના પ્રવક્તાએ બંધકની સ્થિતિ અને કથિત સમજૂતી અંગે કોઇ નિવેદન આપવાનો ઇનકાર કર્યો હતો.

## WORLD TELEVISION DAY

આજે વિશ્વ ટેલિવિઝન દિવસ છે. આ દિવસ દ્રશ્ય માધ્યમના મહત્વને ઉજાગર કરવા માટે ઉજવવામાં આવે છે. આ વર્ષની વિષયવસ્તુ 'સુલભતા' છે. 1996માં આ દિવસે, સંયુક્ત રાષ્ટ્રએ પ્રથમ વખત વિશ્વ ટેલિવિઝન ફોરમનું આયોજન કર્યું અને ત્યારબાદ દર વર્ષે 21મી નવેમ્બરને વિશ્વ ટેલિવિઝન દિવસ તરીકે મનાવવાનું નક્કી કર્યું હતું.

આ દિવસે, સંદેશાવ્યવહાર અને વૈશ્વિકીકરણમાં ટેલિવિઝનની ભૂમિકા વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે મેળાવડાનું આયોજન કરવામાં આવે છે.